# 2 પુનરાવર્તન : 2 (Revision - 2)

પ્ર.1. દર્દીને ખૂબ તાવ હોય ત્યારે તેના કપાળ પર ઠંડા પાણીના પોતા શા માટે મૂકવામાં આવે છે ?

પ્ર.2. સ્નાન કરવા માટેનું પાણી વધુ ગરમ હોય ત્યારે તેમાં ઠંડું પાણી ઉમેરીએ છીએ. ઉષ્મા-સંચરણના આધારે કારણ સમજાવો.

પ્ર.3. તમારી આસપાસમાં હવાનું પ્રદૂષણ ફેલાવતા હોય તેવાં સ્થળોનાં નામની યાદી કરો.

પ્ર.4. ‘‘મોટરસાઇકલ, મોટર કે સ્કૂટર જેવાં વ્યક્તિગત વાહનોનો ઉપયોગ બને તેટલો ઓછો કરવો જોઈએ.’’ શા માટે ?

પ્ર.5. દિવાળીની રાત્રે ચંદ્ર દેખાય છે ?

પ્ર.6. તમારો જન્મ કઈ તારીખે થયો છે ?

આ મહિનામાં તમારી જન્મતારીખે દેખાતા ચંદ્રનું ચિત્ર દોરો.

પ્ર.7. પર્યાવરણનું સંતુલન જાળવવા તમે શાળા કક્ષાએ જે પ્રવૃત્તિઓ કરતા હોવ તેની યાદી તૈયાર કરો.

પ્ર.8. તમારી આસપાસ જોવા મળતાં પ્રાણીઓનાં નામ તથા ખોરાક અંગેની વીગતો નીચેના કોષ્ટકમાં ભરો :

| ક્રમ | પ્રાણીનું નામ | શું ખાય છે ? |
|---|---|---|
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

પ્ર.9. તમારા મિત્રો સાથે લુપ્ત થતાં પ્રાણીઓ અંગે ચર્ચા કરો. તેમાંથી કોઈ એક પ્રાણીનું ચિત્ર દોરી તેના ખોરાક, રહેઠાણ, ઉપયોગ તથા લુપ્ત થવાનાં કારણો વિશે થોડું લખો.